## અમદાવાદ છારા નગરની કુખ્યાત ગેંગને ચોરીમા ગયેલ રોકડા રૂપીયા તેમજ ચોરીમા ઉપયોગ કરેલ મો.સા. સાથે ઝડપી પાડતી, કાપોદ્રા પોલીસ.

સુરત શહેરના કાપોદ્રા પો.સ્ટે. માં તા.૨૮/૦૨/૨૦૨૦ ના રોજ સાંજના સમયે કાપોદ્રા હીરાબાગ, સરગમ ડોકટર હાઉસની બિલ્ડીંગ સામે જાહેર રોડ પર ફોર વ્હીલર S-croos ગાડી નં. GJ 05 JN 9874 ની ગાડીના કાચ તોડી અંદર ડ્રોવરમાં રાખેલ રોકડ રૂ.૩,૫૦,000/- ની ચોરી કરી નાસી ગયેલાની ફરીયાદ દાખલ થયેલ હોય, જેના ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી બી.એસ.કરમટા તેમની ટીમના પોલીસ માણસો સાથે પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન સર્વેલન્સ સ્ટાફના એ.એસ.આઇ. રમેશભાઇ હરીભાઇ બ.નં. ૨૪૫૩ તથા અ.હે.કો. સુધીરભાઇ લાલજીભાઇ બ.નં. ૧૩૭૫ નાઓને મળેલ બાતમી આધારે આરોપી (૧) વિશાલભાઇ ઉર્ફે વિકાસ વિક્રમભાઇ તમંચે જાતે છારા ઉ.વ.૪૦ ધંધો મજુરી. રહે. સત્યનારાયણ દુધ ઘરની સામે રામચંદ્ર ઘાંચીના મકાનમા, બંગાયરા રોડ, કુબેરનગર, અમદાવાદ (૨) ઉત્તમભાઇ આત્મારામ તમંચે જાતે છારા ઉ.વ. ૪૦ ધંધો મજુરી રહે. ફ્રી-કોલોની, કરીના પાન સેન્ટર પાસે, છારાનગર, કુબેરનગર, સરદાર નગર, અમદાવાદનાઓને ચોરીમા ગયેલ રોકડા રૂપીયા તથા ચોરીમાં ઉપયોગ લીધેલ બે મો.સા. સાથે ઝડપી પાડી નીચે મુજબના ગુન્હાઓનો ભેદ ઉકેલી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.

ભેદ ઉકેલાયેલ ગુનાની વિગત :- કાપોદ્રા પોલીસ સ્ટેશન A-FRI ૧૧૨૧૦૦૨૨૨૦૦૩૭૬ ઇ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ મુજબ.

આરોપી વિશાલભાઇ ઉર્ફે વિકાસ વિક્રમભાઇ તમંચે નાનો ગુનાહીત ઇતિહાસ :-

(૧) દરીયાપુર પો.સ્ટે. અમદાવાદ શહેર ફસ્ટ ગુ.ર.નં.૩૪/૨૦૧૬ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

આરોપી ઉત્તમભાઇ આત્મારામ તમંચેનાનો ગુનાહીત ઇતિહાસ:-

(૧) નરોડા પો.સ્ટે. અમદાવાદ શહેર ફસ્ટ ગુ.ર.નં.૧૮૦/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૨૯૪, ૩૨૩, ૩૬૪, ૪૫૨, ૫૦૬(૨), ૧૩૫(૧), ૧૧૪ મુજબ.